## ડાયરેક્ટ ❤ સે

અખબાર હંમેશાં
તટસ્થ હોય
એ જરૂરી છે
કારણ
તટસ્થ અખબાર જ
સમાજની નાડ ઝીલી શકે છે

**- સી બી પટેલ**

## જન્મદિને વધામણી



**મંગળદાસ એમ પારેખ**
મો. ૯૭૨૭૨ ૪૪૧૪૫

# આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજીના વિદ્યાર્થીઓને આકર્ષક પ્લેસમૅન્ટ



ગાંધીનગર, તા. ૯

આજે ભારતની ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તા દરેક સ્નાતક વિદ્યાર્થીના ચહેરા પર દેખાય છે. દરેક વિદ્યાર્થીને ગ્રેજ્યુએશન પછી રોજગાર મળી રહે તેમાં સંસ્થાના ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ વિભાગનું મહત્ત્વનું યોગદાન હોય છે. વિદ્યાર્થી જે તે અભ્યાસક્રમમાં એડમિશન લઈ તે શાખા વિશે માહિતગાર થાય છે પરંતુ તેને ઈન્ડસ્ટ્રીમાં કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તે શિખવવાનું કામ તથા દરેક ઈચ્છુક વિદ્યાર્થીને યોગ્ય કંપની સિલેક્શન વગેરે શિખવવાનું કામ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

શહેરની સ્વર્ણિમ એન્ડ સ્ટાર્ટ અપ યુનિવર્સિટી સાથે સંકળાયેલી આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી-વિનસ ખાતે ઈચ્છુક બધા જ વિદ્યાર્થીઓને જૉબ મળી ગઈ હોવાથી તેમના ચહેરા પર ખુશીની લહેર જોવા મળે છે. વર્ષ દરમિયાન ૭૦થી વધારે કંપનીઝમાં વિવિધ શાખાના વિદ્યાર્થીઓને જૉબ મળી હતી, જેમાં સૌથી વધુ ઑફર વાર્ષિક ૧૦ લાખ રૂપિયા વેતનની હતી. ઍવરેજ વાર્ષિક પૅકેજ રૂપિયા ૨.૬૦ લાખ જેટલું થાય છે.

આ સંસ્થાના પ્લેસમેન્ટ વિભાગના વડા નિમિષ દવેના જણાવ્યા અનુસાર વિવિધ નૅશનલ અને મલ્ટીનેશનલ કંપનીઝ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટ હેતુ આવવા માગે છે પરંતુ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ નથી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે, જેમાં માત્ર ટેકનીકલ નોલેજ નહીં પરંતુ સોફ્ટ સ્કિલ, મેનેજમેન્ટ સ્કિલ, એચ આર મેનર્સ, બિઝનેસ કમ્યુનિકેશન, ટીમ મેનેજમેન્ટ વગેરે પણ શિખવવામાં આવે છે.

સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી આ પ્રકારની પ્રથમ યુનિવર્સિટી છે, જેમાં ખરેખર આવા મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ માટે વિશાળ તકો ઉપલબ્ધ છે જે મલ્ટીનેશનલ કંપનીઝ સાથે કારકિર્દી શરૂ કરવા અને વૈશ્વિક સ્તરે ઉદ્યોગ સાહસિક તરીકે ઉભરવા ઉત્સુક છે.

## આ પણ જાણો



ભારતમાં કેરી ભરેલી ટોકરી કોઈને આપવી એ મિત્રતા માટે સૂચક માનવામાં આવે છે.

# મેડિકલ અને પેરા મેડિકલ સ્ટેટ ક્વોટા મામલે વિવાદ

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં ધો.૧૨ સાયન્સ નીટના પરિણામ બાદ સ્ટેટ મેડિકલ –પેરા મેડિકલ ક્વોટા મામલે વિવાદ સર્જાયો છે જેથી આ મામલે સરકારી પરિપત્રને વધુ એક વખત હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો છે. જેમાં કોર્ટે રાજ્ય સરકારને આ મામલે સ્પષ્ટતા કરવા નોટિસ પાઠવી કેસની વધુ સુનાવણી આગામી ૧૧મી પર મુલતવી રાખી છે.

તા. ૧૭ પહેલા સરકાર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરે તો આ યુવકોને સમાવવા માટે યોગ્ય કરવા નિર્દેશ આપ્યો છે. રાજ્યમાં મેડિકલ અને પેરા મેડિકલ બેઠકોમાં રાજ્યના વિદ્યાર્થીઓને સહજતાથી પ્રવેશ મળી રહે તે માટે ખાસ સ્ટેટ ક્વોટા રાખવામાં આવે છે. સ્ટેટ ક્વોટા અંતર્ગત રાજ્યની ગુજરાત બોર્ડમાં ધો.૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા આપનાર અથવા તો સીબીએસઈ સહિતના અન્ય બોર્ડમાં પણ ગુજરાતની હદમાં આવેલી શાળાઓમાં વિદ્યાર્થીએ ધો.૧૦, ૧૨ની પરીક્ષા આપી હોવી આવશ્યક છે. બંને પરીક્ષાઓ ગુજરાતની હદની શાળાઓમાં આપી હોય તેમનો જ સ્ટેટ ક્વોટામાં સમાવેશ થાય છે. ગુજરાતના રહીશ વિદ્યાર્થીઓને ગુજરાતમાં જ પ્રવેશ મળી રહે તે માટે આ સ્ટેટ ક્વોટાની જોગવાઈ કરવામાં આવી છે. કેટલાક વિદ્યાર્થીઓ જેમણે ધો.૧૦ની પરીક્ષા અન્ય રાજ્યમાં આપી હોય અને ધો.૧૨ની પરીક્ષા ગુજરાતમાં આપી હોય તો તેવા વિદ્યાર્થીને સ્ટેટ ક્વોટામાં ગણી તેમને સ્ટેટ ક્વોટામાં જ પ્રવેશ આપવા માટે દાદ માગતી પિટિશન હાઈકોર્ટ સમક્ષ કરવામાં આવી છે.

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા સિલેબસમાં ફેરફારો

## બોર્ડ ઓફ સ્ટડીઝની રચના થઈ : સ્ટાર્ટઅપ, ઈનોવેશનના ચેપ્ટરો પણ જુદા જુદા સિલેબસમાં દાખલ કરાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટીમા આજે જુદા જુદા વિષયોના નવા બોર્ડની રચના કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. માત્ર બે વિષયના બોર્ડને બાદ કરતા બાકીના તમામ વિષયના નવા બોર્ડ અસ્તિત્વમાં આવી ચૂક્યા છે. જેના કારણે આગામી દિવસોમાં જુદા જુદા વિષયોનો સિલેબસ બદલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. નવા સિલેબસમાં ૮૦ ટકા યુજીસીએ આપેલી ગાઈડલાઈન પ્રમાણે જ સિલેબસ રાખવામાં આવશે.

નેટ-સ્લેટની પરીક્ષામાં મદદરૂપ થાય તેવો સિલેબસ તૈયાર કરાશે

યુનિવર્સિટીમાં વિષય પ્રમાણે બોર્ડની રચના કરવામા આવે છે. અગાઉ જે બોર્ડ ઓફ સ્ટડીઝની રચના થઈ તેની મુદત પૂર્ણ થતા નવા બોર્ડની રચનાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. બોર્ડ ઓફ સ્ટડીઝમાં નિયમ પ્રમાણે પાંચ સભ્યો હોદ્દાની રૂએ અને રોટેશન પ્રમાણે આવતાં હોય છે. જ્યારે બાકીના ચાર અથવા તો બોર્ડ નક્કી કરે તે પ્રમાણે સભ્યોને કોપ્ટ કરવામાં આવે છે. આજે સ્ટેટેસ્ટિક્સના વિષયના બોર્ડની રચના કરી દેવામાં આવી છે. યુનિવર્સિટીના કોમર્સ ફેકલ્ટીના પૂર્વ ડીન એન.ડી.શાહને બોર્ડના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે મેથ્સના બોર્ડના ચેરમેન તરીકે નીતાબેન શાહની નિમણૂક કરાઈ છે. આ બેઠક અંગે કુલપતિ એ કહ્યું હતું કે અત્યાર સુધીમાં મોટાભાગના બોર્ડની રચના થઈ ચૂકી છે. ડેન્ટલ, એજ્યુકેશન જેવા કેટલાક બોર્ડની મુદત પુરી ન થતી હોવાથી તેની રચના હવે પછી કરવામાં આવશે. નવા બોર્ડના સભ્યોને આગામી દિવસોમાં કોમર્સ, આર્ટસ સહિતના સિલેબસમાં ધરખમ ફેરફાર કરવાની સૂચના આપી દેવામાં આવી છે. પંદર દિવસમાં નવા સિલેબસ તૈયાર કરવામાં આવશે. યુજીસીએ આપેલી સૂચના પ્રમાણે વિદ્યાર્થીઓને નેટ અને સ્લેટની તૈયારીમાં મદદરૂપ થાય તે પ્રકારના કોર્સ તૈયાર કરવામાં આવશે.

આ ઉપરાંત સ્ટાર્ટઅપ, ઈનોવેશન અને કોઈપણ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામા મદદરૂ થાય તેવા વિષયો અને ચેપ્ટર દાખલ કરવાનું પણ નક્કી કરાયું છે. આ ઉપરાંત સાયન્સના સિલેબસમાં કોમર્સને લગતાં અને કોમર્સના વિષયમાં સાયન્સને લગતાં કેટલાક ચેપ્ટર ઉમેરવામાં આવશે.

# મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ ૧૨મી પછી

ગાંધીનગર, તા. ૯

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે લેવાયેલી નીટનું પરિણામ જાહેર કરાયાને ચાર દિવસ થવા છતાં હજુ સુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ શકી નથી. નીટનું પરિણામ જાહેર કરી દેવાયું પરંતુ પરિણામ બાદ વિદ્યાર્થીઓના માર્કસની સીડી હજુ પ્રવેશ સમિતિને પહોંચતી કરાઈ નથી. તેથી ગુજરાત સહિત ૨૯ રાજ્યો અને સાત કેન્દ્ર શાસિત પ્રદેશ પૈકી એકપણ રાજ્યમાં પ્રવેશની કાર્યવાહી શરૂ થઈ નથી.

મેડિકલ-ડેન્ટલમાં છેલ્લા બે વર્ષથી માત્ર નીટના આધારે જ પ્રવેશ ફાળવાય છે. સામાન્ય રીતે પરિણામ જાહેર થાય તેની સાથે જ કાર્યવાહી શરૂ કરી દેવાતી હોય છે. પરંતુ નીટનું પરિણામ આવ્યાને ચાર દિવસ થવા છતાં હજુ સુધી પ્રવેશ સમિતિ કોઈ પ્રક્રિયા શરૂ કરી શકી નથી. સેન્ટ્રલ બોર્ડ દ્વારા લેવાયેલી નીટનું પરિણામ જાહેર થયા બાદ નિયમ પ્રમાણે દરેક રાજ્યોના વિદ્યાર્થીઓના માર્કસની સીડી પ્રવેશ સમિતિને પહોંચતી કરવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસથી પ્રવેશ સમિતિના સભ્યો આ સીડીની રાહ જોઈ રહ્યા છે. જ્યાં સુધી સીડી ન આવે ત્યાં સુધી પ્રવેશની કોઈ કાર્યવાહી થઈ શકે તેમ નથી. માત્ર સ્ટેટ કવોટા નહીં પરંતુ ઓલ ઈન્ડિયા ક્વોટાની પ્રવેશ પ્રક્રિયા પણ શરૂ થઈ શકી નથી. હાલમાં વિદ્યાર્થી-વાલીઓ મેડિકલમાં પ્રવેશ પ્રક્રિયા ક્યારે શરૂ થશે તેની રાહ જોઈ રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ-વાલીઓ પ્રવેશ સમિતિમાં જઈને પ્રક્રિયા શરૂ થવા અંગે પૂછપરછ કરી રહ્યા છે. પરંતુ પ્રવેશ સમિતિના સભ્યો પણ ક્યારથી કાર્યવાહી શરૂ થશે તે કહી શકે તેમ નથી. હાલ તો પ્રવેશ સમિતિ દ્વારા તા.૧૨મી પછી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તેવી સ્પષ્ટતા કરી છે.

# સંસ્કાર ગૃપ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૯

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્કાર ગૃપ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ ઉજવણી અંતર્ગત ચિત્ર, સૂત્ર, વાચન, પ્રતિજ્ઞા, વૃક્ષારોપણની તૈયારી અને સ્વચ્છતા અભિયાન જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. પ્રવૃત્તિઓમાં ભાગ લેનારાં બાળકોને પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે સફાઈ અભિયાનમાં નાનાં બાળકોથી માંડીને યુવા વર્ગે પણ ભાગ લીધો હતો. ગૃપના પ્રમુખ અને પર્યાવરણપ્રેમી તુષાર દવેના નેતૃત્વમાં ધ્રુવ નાયક, હર્ષલ વાડીયા, માહિ નાયક, ઈબ્રાહિમ શેખ, અહેમ શેખ, સિદ્ધરાજ સલાટ, મહાવીર સલાટ, ચાર્વી સોલંકીએ સ્વચ્છતા અભિયાનમાં સક્રિય સાથ આપી મોટા જથ્થામાં પ્લાસ્ટીક વેસ્ટ એકત્ર કર્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષભાઈ વ્યાસ, શકરાજી મકવાણાએ જહેમત ઊઠાવી હતી.

## 'નાટા'માં ઉત્તરવહીની ફેર ચકાસણી માટે રૂા. ૭૫૦ ફી નિયત કરાઈ

ગાંધીનગર, તા. ૯

આર્કિટેકચરમાં પ્રવેશ માટે લેવાયેલી નાટાના પરિણામને લઈને ભારે વિવાદ ઉભો થયો છે. કાઉન્સિલ દ્વારા પરિણામ જાહેર કર્યા બાદ પાછુ ખેંચી લેવામાં આવતાં વિદ્યાર્થીઓ-વાલીઓમા પરિણામાં ચેડાં થયા હોવાની દહેશત ઉભી થઈ હતી.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા ડ્રોઈંગના પેપરમાં અનેક વિદ્યાર્થીઓનો ઓછા માર્કસ આવ્યા હોવાની ફરિયાદ પણ કાઉન્સિલ સુધી પહોંચી હતી. વિદ્યાર્થીઓ નવેસરથી ઉત્તરવહીઓ ચકાસવાની માગ કરી હતી.

કાઉન્સિલ દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે અત્યાર સુધી ક્યારેય વિદ્યાર્થીઓની ઉત્તરવહીની પુનઃ ચકાસણી કરવામાં આવી નથી. પરંતુ જે વિદ્યાર્થીઓ રૂ. ૭૫૦ ફી ભરશે તેની ઉત્તરવહીની પુનઃ ચકાસણી કરવામાં આ?વશે. આમ, હવે ઉત્તરવહી ફેર ચકાસણી કરાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ફી ભરવાની રહેશે.

# રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા શિક્ષકો માટે ત્રિદિવસીય તાલીમ




ગાંધીનગર, તા. ૯


સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં શાળા મેનેજમેન્ટ તથા શિક્ષકો માટે એક ખાસ પ્રકારની શૈક્ષણિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના શૈક્ષણિક તેમજ વ્યક્તિત્વ વિકાસ પાછળ શિક્ષકોનો સિંહફાળો હોય છે. વર્ગ વ્યવહાર જીવંત રાખવા, વિદ્યાર્થીઓને વિષય પ્રત્યે રૂચિ કેળવતા કરવા, તમામ વિષયોને સરળતાથી આત્મસાત કરવા, સમર્થ બનાવવા, ગોખણીયું જ્ઞાન ભુલાવી તેમનામાં સર્જનાત્મકતા પેદા કરવા, તેમને ભણાવવા કરતાં જાણે ભણતા કરવાની દિશામાં આગળ વધારવા... વગેરે જેવા ઉમદા હેતુસર નવીન શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રારંભ પૂર્વ શાળા મેનેજમેન્ટે શિક્ષકોને ખાસ પ્રકારની તાલીમ આપી શિક્ષણપ્રક્રિયા વધુ સુદૃઢ બનાવવાનું આયોજન કર્યુ હતું.

ત્રણ દિવસના આ ઉપક્રમ અંતર્ગત પરેશ દલસાણીયા, રાકેશ પટેલ અને ભાવેશ પંડ્યા જેવા દિગ્ગજ, રાજ્યપાલ અને રાષ્ટ્રપતિના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકના ખિતાબથી પુરસ્કૃત વિખ્યાત મહાનુભાવો દ્વારા શિક્ષકોને રસપ્રદ તાલીમ આપવામાં આવી હતી. સંસ્થાના મેનેજિંગડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તાલીમમાં રસ દાખવી ઉપસ્થિત રહેવા બદલ તમામ શિક્ષકો પ્રતિ અભિનંદનની લાગણી વ્યક્ત કરી તાલીમ આપનારા ત્રણેય મહાનુભાવો પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.

# આપણે હૃદયની વાત પ્રગટ કરતાં હિચકિચાટ અનુભવીએ છીએ




ગુજરાત સમાચાર-એશિયન વોઈસ સાપ્તાહિકોના પ્રકાશક, તંત્રી સી બી પટેલની લોકપ્રિય કૉલમ 'જીવન પંથ'માં પ્રકાશિત થયેલા લેખો પૈકી પસંદગીના લેખોનું સંપાદન કરીને એક નવતર પુસ્તકનું પ્રકાશન એશિયન બિઝનેસ પબ્લિકેશન લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.

'જીવન પંથ : સર્વોત્તમ-૮૦' નામના આ પુસ્તકમાં લેખકના ૨૦૦૫થી ૨૦૧૦ દરમિયાન પ્રકાશિત થયેલા પસંદગીના લેખો સમાવવામાં આવ્યા છે, જેનું સંપાદન નીલેશ પરમાર દ્વારા કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે આપવીતીને હળવી શૈલીમાં બયાન કરતા એક લેખ સાથે આ કૉલમ શરૂ થઈ હતી, જે આજે પાંચ સદી વટાવીને અવિરત આગેકૂચ કરી રહી છે. અંગત અનુભવ આધારિત વિષયવસ્તુ આજે સમયના વહેણ સાથે વિશ્વફલક પર વિસ્તર્યું છે. બ્રિટનવાસી ભારતીય સમુદાયના અતીત, આજ અને આવતીકાલમાં ડોકિયું કરાવતી જીવન પંથ કૉલમ બ્રિટીશ-ભારતીય સમાજની સિદ્ધિઓનાં ગુણગાન ગાય છે તો તેમની સમસ્યાઓની પણ વાતો કરે છે. ભારતીય ડાયસ્પોરાના સામાજિકથી માંડીને સાંસ્કૃતિક પાસાં અને પ્રગતિથી માંડીને પડકારોની ઝાંખી રજૂ કરતી જીવન પંથ કૉલમ એક પ્રકારે બ્રિટનવાસી ભારતીય સમાજની અનેક જાણી-અજાણી વાતોનાં દસ્તાવેજીકરણ સમાન છે. બ્રિટીશ ભારતીય સમુદાયના ઈતિહાસથી માંડીને ઉજળા ભવિષ્યની ઝલક રજૂ કરતી આ કૉલમનું સંપાદન વાચકોને ગમી જાય તેવું છે.

૨૯૮ પાનાંના આ પુસ્તકમાં ૮૦ લેખો સમાવવામાં આવ્યા છે. લેખોનાં શિર્ષક સીધાંસટ અને સરળ ભાષામાં છે, જેનાથી લેખકની ભાષાશૈલી પણ વાતને સીધી જ કહી દેવાની હશે તેવું આસાનીથી કળી શકાય છે. જેમકે, હૈયે તેવું હોઠે, વિચાર વિના વિકાસ નથી, જીતવા માટે ઝનૂન ઉછીનું મળતું નથી, મધુર દાંપત્યજીવનનું રહસ્ય શું છે ?, સચ્ચિદાનંદજી પર હુમલો : રુક જાવ કહેવાનો સમય પાકી ગયો છે, પ્રેમ પ્રગટ કરીએ તો ?, કૂવામાં હોય તો હવાડામાં આવે, અન્યાયનો પ્રતિકાર અને પ્રતિકારનું શાસ્ત્ર, ધર્મ નામના સિક્કાની બે બાજુ વગેરે. આ શિર્ષકોથી લેખકની કૉલમ કેટલા બધા વિષયોમાં વિસ્તરી હશે તે માહિતી પણ સરળતાથી મળી જાય છે.

પુસ્તકનું મુદ્રણ સુંદર છે, પરંતુ અક્ષરો નાનાં લાગે છે અને કાગળ પણ પાતળો છે. પ્રકાશક લંડનના છે એટલે ત્યાંની શૈલી પ્રમાણે ફોન્ટની સાઈઝ રાખવામાં આવી હોય એવું લાગી રહ્યું છે. દરેક લેખની શરૂઆતમાં પ્રકાશિત કૉલમની ઈમેજ મૂકવામાં આવી છે અને પછી કૉલમ વાચકોને વાંચવા મળે એ રીતે મૂકાઈ છે.

મુખપૃષ્ઠ પર લેખકનો ફોટો છે અને ચોથા ટાઈટલ પર સ્વામિ સચ્ચિદાનંદજીના લેખક અને કૉલમ વિષેના શબ્દો સમાવાયા છે.

પુસ્તક : જીવંત પંથ : સર્વોત્તમ ૮૦
પ્રકાશક : એશિયન બિઝનેસ પબ્લિકેશન લિ., લંડન
પહેલી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૮
કિંમત : રૂા. ૪૦૦

## સુખની મૂળ જરૂરત ત્રણ

- જીવનમાં ઘણી વસ્તુઓ બનતી હોય છે, જે બદલી શકાતી નથી. સંજોગો, સમય જોઈને આપણે આગેકૂચ કરવી છે કે પછી પાછળ જ જોયા કરવું છે ?
- અનેક ક્ષેત્રે સંગીન પ્રદાન છતાં બ્રિટીશ રાજકારણમાં આપણી વગ નહીંવત છે. મિનિસ્ટર્સ કે એમપી આપણાં વખાણ કરે, પણ સમસ્યા ઉકેલવા ભાગ્યે જ ધ્યાન આપે છે.
- જીવતેજીવત સ્વર્ગનું સુખ માણવા એલન કે. ચેમ્બર્સના આ શબ્દો યાદ રાખો : સુખની મૂળ જરૂરત ત્રણ છે - પ્રવૃત્તિમય રહેવું, કંઈક આરાધ્ય ગણવું ને આશાવંત રહેવું.
- કોઈપણ સંસ્થા સંપૂર્ણપણે તેના સમાજના વિવિધ સ્તરો, જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ ન કરી શકે તો તેને બધાનો સ્વીકાર સાંપડતો નથી. જૂથબંધી સંસ્થાને સંકોચી નાખે છે.
- બ્રિટનની વાત કરીએ તો અહીંની પ્રજામાં ખુમારી છે. લોકશાહીનો, રાષ્ટ્રહિતનો પ્રશ્ન આવે ત્યારે અદના માણસમાં પણ રાષ્ટ્રપ્રેમ અને સ્વાભિમાન જોઈ શકાય છે.
- આપણે હૃદયની વાત પ્રગટ કરતાં હિચકિચાટ અનુભવીએ છીએ, વિચારીએ છીએ. પરંતુ ફરિયાદ કે નારાજગી વેળા ઝઘડો કે વિવાદ કરવામાં સ્હેજેય વાર કરતા નથી.